# કોરોનાવાયરસ શું છે?

કોરોનાવાયરસને કેટલીક વાર કોવિડ-19 કહેવામાં આવે છે. આ એક વાયરસ છે જે તમારા ફેફસાં પર અસર કરી શકે છે. આ વાયરસથી તમને ફેફસાંનો ચેપ લાગી શકે છે, જેનાથી તમે ખૂબ બીમાર થઈ શકો છો. કેટલાક લોકો તેનાથી મૃત્યુ પામે છે.

### લોકોને કોરોનાવાયરસ કેવી રીતે લાગે છે?

આ વાયરસ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિને ફેલાય છે. જો તમને કોઈ એવી વ્યક્તિની નજીક હો, જેને વાયરસ લાગેલો હોય, તો તે તમને થઈ શકે છે. તમને તે જેના પર વાયરસ હોય તેવી કોઈ સપાટીને અડકીને પણ થઈ શકે છે.

### કોરોનાવાયરસથી હું કેવું અનુભવીશ?

જો તમને કોરોનાવાયરસ હોય, તો તમે બીમાર હો તેવું અનુભવી શકો. તમને આમ પણ હોઈ શકે:

- એવી ઉધરસ હોય જે બંધ ન થાય
- ઉચ્ચ તાપમાન (37.5°સેન્ટીગ્રેડ [99.5°ફેરનહાઇટ] થી વધુ) સાથે ગરમી લાગવી અથવા
- સરખી રીતે સૂંઘી ન શકવું અથવા સ્વાદ ન લઈ શકવો.

જો તમને કૅન્સર હોય અને તમને તબિયત ખરાબ હોય તેવું લાગે, તો સલાહ લેવા માટે તરતજ તમારા કૅન્સર ડૉક્ટર અથવા હૉસ્પિટલને ફોન કરો.

કોરોનાવાયરસ ધરાવતા કેટલાક લોકોને પોતાની તબિયત ખરાબ લાગતી નથી. તેમ છતાં તેઓ બીજા લોકોમાં વાયરસ ફેલાવી શકે છે.

જો તમને લાગતું હોય કે તમને કોરોનાવાયરસ હોઈ શકે છે, તો તમારે ઘરે જ રહેવું જોઈએ. આ તમને બીજાઓને કોરોનાવાયરસ ફેલાવતા અટકાવવા માટે છે. જો તમને લાગતું હોય કે તમને કોરોનાવાયરસ હોઈ શકે છે, તો તમારા ડૉક્ટરને જણાવો.

**મને કોરોનાવાયરસ છે એવી મને કેવી રીતે ખબર પડશે?**

તમે એક મફત કરાતું પરીક્ષણ કરાવી શકો છો જે તમને જણાવશે કે તમને કોરોનાવાયરસ છે કે કેમ. એક તાલીમ પામેલ વ્યક્તિ તમારું પરીક્ષણ કરશે અથવા તમે ઘરમાં જાતે કરી શકાય તેવા પરીક્ષણ એટલે કે હોમ ટેસ્ટની માંગણી કરી શકો. તમે અન્ય ભાષાઓમાં સૂચનો સાથે ઘરેલુ પરીક્ષણો મેળવી શકો છો. પરીક્ષણ માટે તેઓ સામાન્ય રીતે તમારા ગળાના પાછળના ભાગ અને નાકનો સ્વૅબ લેશે. સ્વૅબ લાંબી કૉટન બડ જેવો દેખાશે.

તમારે તમને લક્ષણો દેખાય તેના કેટલાક દિવસોની અંદ પરીક્ષણ કરાવવું પડશે. પરીક્ષણના નિયમો આ સ્થળોએ જુદા-જુદા છે:

- ઇંગ્લેન્ડ – વધુ માહિતી માટે www.gov.uk પર જાવ
- સ્કૉટલેન્ડ – વધુ માહિતી માટે www.gov.scot પર જાવ
- વેલ્સ – વધુ માહિતી માટે www.gov.wales પર જાવ
- નૉર્ધર્ન આયર્લૅન્ડ – વધુ માહિતી માટે www.publichealth.hscni.net પર જાવ

તમને તમારા પરિણામો 1 થી 3 દિવસમાં મળી જવા જોઈએ. જો તમે તમારા પરિણામો મેળવ્યા પછી ચિંતિત હો, તો તમે કેવું અનુભવો છો તેના વિશે કોઈની સાથે વાત કરી શકો છો.

## મને કૅન્સર હોય તો શું?

જો તમને કૅન્સર હોય, તો તમને કોરોનાવાયરસ હોય તો તમે ખૂબ બીમાર જઈ જવાના વધુ જોખમ પર હોઈ શકો છો.

શરીરનો જે ભાગ વાયરસ અને ચેપ સામે લડે છે તેને પ્રતિકાર પ્રણાલી અથવા ઇમ્યૂન સિસ્ટમ કહેવામાં આવે છે. કેટલીક પ્રકારના કૅન્સર અને તેની સારવાર તમારી રોગ પ્રતિકાર પ્રણાલીને નબળી બનાવી દે છે. આનો અર્થ છે કે શક્ય છે કે તમારું શરીર કોરોનાવાયરસ વિરુદ્ધ સારી રીતે ન લડે.

**જો મને કૅન્સર હોય તો હું મારી જાતની રક્ષા કેવી રીતે કરી શકું?**

એવા કેટલાંક કામો છે જે તમે પોતાની રક્ષા કરવા માટે કરી શકો:

- તમને તે આપવાનો પ્રસ્તાવ થાય ત્યારે કોરોનાવાયરસની રસી મેળવો
- તમે જ્યારે બીજા લોકો સાથે હો અથવા તમારા ઘરની બહાર હો ત્યારે માસ્ક પહેરો. આનાથી તમારું મોઢું અને નાક ઢંકાવા જોઈએ.
- બહુ ભીડવાળી જગ્યાઓએ જવાનું ટાળો
- લોકોની નજીક ન ઊભા રહો અને 2 મીટર દૂર રહેવાનો પ્રયત્ન કરો
- તમારા હાથ વારંવાર સાફ કરો
- જો તમે ઘરની અંદર એવા લોકો સાથે હો જે તમારા ઘરમાં ન રહેતા હોય, તો તાજી હવા માટે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો

તમને લાગે કે તમને કોરોનાવાયરસ છે તો એક પરીક્ષણ બુક કરાવો.

**શીલ્ડ રાખવું**

રોગચાળાની શરુઆતમાં કેટલાક લોકોને શીલ્ડ પહેરવા કહેવામાં આવ્યું હતું. આનો અર્થ હતો કે બધોજ સમય ઘરની અંદર રહેવું અને બીજા લોકોથી દૂર રહેવું. એ કેટલાક એવા રોગો ધરાવતા લોકોની રક્ષા કરવા માટે હતું જે જો તેમને કોરોનાવાયરસ થઈ જાય, તો ખૂબ બીમાર થઈ જાય તેવી શક્યતા હતી.

શીલ્ડ રાખવાની હવે સલાહ આપવામાં આવતી નથી. પણ જે લોકો શીલ્ડ રાખે છે તેમણે ખૂબ કાળજી રાખીને પોતાની રક્ષા કરવાનું ચાલુ રાખવું જોઈએ. આમાં રસી લેવી અને તમારા સ્થાનિક વિસ્તાર માટેના કોઈપણ માર્ગદર્શનને ધ્યાનમાં રાખવાનો સમાવેશ થાય છે. નવીનતમ નિયમો તમે ઇન્ટરનેટ પરથી મેળવી શકશો. તમને નિયમો અને સલાહો જુદી-જુદી ભાષાઓ અને રૂપોમાં મળી શકશે.

કેટલાક લોકો શીલ્ડ રાખવાનું ચાલુ રાખવા માંગે છે, બીજાઓને તે બંધ કરીને આરામ અનુભવાય છે. આ એક વૈયક્તિક પસંદગી છે જેના વિશે તમે પોતે વિચારીને પોતાના નજીકના લોકો સાથે ચર્ચા કરી શકો છો.

**હું મારી પોતાની સંભાળ કેવી રીતે રાખી શકું?**

જો તમને કૅન્સર હોય, તો તે તમારા આરોગ્યની સંભાળ રાખો તે ખરેખર મહત્ત્વનું છે. આનાથી તમારી રોગ પ્રતિકારક પ્રણાલી મજબૂત થાય છે. આ તમને કૅન્સરનો વધુ સારુ રીતે સામનો કરવામાં મદદરૂપ થઈ શકે છે. આમ કરવું સૌથી સારું રહેશે:

- આરોગ્યપ્રદ ખાવ
- વધુ પ્રમાણમાં પાણી પીઓ અથવા અન્ય પ્રવાહી લો.
- તમારા શરીરીને ગતિશીલ રાખો
- પૂરતો આરામ મેળવો
- તમે કેવું અનુભવી રહ્યા છો તેના વિશે બીજા લોકો સાથે વાત કરો.

અમારી પાસે તમારી ભાષામાં આરોગ્યપ્રદ ખાવા વિશે વધુ માહિતી અહીં છે
**macmillan.org.uk/translations**

## મારી કૅન્સરની સારવારનું શું થશે?

તમને કૅન્સરની સારવાર મેળવવા બાબતે ચિંતા હોઈ શકે છે, પણ તમારે આયોજન કરાયા પ્રમાણે સારવાર મેળવવી જોઈએ. જો તમે આ બાબતે ચિંતિત હો તો તમે તમારા ડોકટર અથવા નર્સ સાથે વાત કરી શકો છો.

તમે કોઈ સ્કેન અથવા પરીક્ષણની રાહ જોઈ રહ્યા હો એવું બને. તેમ છતાં કૅન્સરની ટીમો:

- કૅન્સરનું નિદાન કરશે
- કૅન્સરની સારવાર કરશે
- લોકોને જરૂર હશે તે સંભાળ આપશે.

તમે કોઈ હૉસ્પિટલ કે ક્લિનિકમાં પરીક્ષણો કે સારવાર કરાવી રહ્યા હો, તો તમારે માસ્ક પહેરવાનો રહેશે. તમારી સારવાર પહેલા તમારું કોરોનાવાયરસ માટે પરીક્ષણ કરવામાં આવી શકે.

જો તમે કૅન્સરની સારવાર મેળવી રહ્યા હો, તો તમને રસી લેવા બાબતે ચિંતા હોઈ શકે. રસી લેવી સુરક્ષિત છે. તમારા ડૉક્ટર તમારી સાથે તે લેવાના સૌથી સારા સમય બાબતે વાત કરી શકે છે. જો તમે કૅન્સરની કેટલીક સારવારો લઈ રહ્યા હો, તો શક્ય છે કે રસી એવી સારી રીતે કામ ન કરે. તેમ છતાં તે તમને કોરોનાવાયરસથી બચાવવામાં મદદરૂપ થશે.

# કોરોનાવાયરસની રસી શું છે?

રસી એવી દવા છે, જે તમને કોઈ બીમારીથી સુરક્ષિત રાખે છે. એ મહત્ત્વનું છે કે તમે કોરોનાવાયરસની રસી મેળવો કારણકે આ તમને તમારી રોગ પ્રતિકારક પ્રણાલીનું રક્ષણ કરવામાં મદદરૂપ થશે. આનો અર્થ છે કે તમે કોરોનાવાયરસના કારણે બહુ બીમાર થાવ તેની શક્યતા ઓછી છે.

ડૉક્ટરો ઇચ્છે છે કે પુખ્ત વયની બધીજ વ્યક્તિઓ રસી મેળવે. જો તમને કૅન્સર હોય, તો તમારે શક્ય એટલી ઝડપથી રસી મેળવી લેવી જોઈએ. આ એટલા માટે છે, કે જો તમને કોરોનાવાયરસ થાય, તો તમે ખૂબ બીમાર થઈ જાવ તેનું જોખમ રહેશે. ડૉક્ટરોએ રસીઓનું પરીક્ષણ કરીને સુનિશ્ચિત કર્યું છે કે તે ઉપયોગ માટે સુરક્ષિત છે.

તમારા ડૉક્ટર તમને જણાવશે કે તમે ક્યારે રસી લઈ શકો છો. એ મહત્ત્વનું છે કે તમે તમારા ડૉક્ટર તમને કહે ત્યારે રસી લઈ લો.

### હું મારી રસી કેવી રીતે મેળવીશ?

કોઈ ડૉક્ટર અથવા નર્સ તમને તમારા બાહુ પર ઇન્જેક્શન (જૅબ) રૂપે રસી આપશે.

તમને રસી બે વાર મળશે. તમે તમારી બીજી રસી પહેલી વારના ડોઝ ના 3 થી 12 અઠવાડિયા પછી મેળવશો.

પહેલી રસી તમને તે લો ત્યાર પછી તે 2 થી 3 અઠવાડિયાથી તમારું રક્ષણ કરી શકશે. બીજી રસી તમને વધુ લાંબા સમય સુધી રક્ષણ પૂરું પાડશે. રસીના બંને ડોઝ મેળવવા મહત્ત્વના છે.

### હું રસી મેળવી લઉં ત્યાર પછી શું થશે?

તમે રસી લઈ લો ત્યાર પછી પણ તમારે કાળજી રાખવી પડશે. શક્ય છે કે રસીથી વાયરસ ફેલાતો ન રોકી શકે. પણ જો તમને કોરોનાવાયરસ થઈ જાય, તો તે તમારી તબિયત ખૂબ વધારે બગડતી બચાવશે તમારી રસી મેળવ્યા પછી પણ સુરક્ષિત રહેવા માટે તમારે આ માહિતીમાં જણાવેલા નિયમોનું અનુસરણ કરવાનું રહેશે.

## મૅકમિલન (Macmillan) તમને કેવી રીતે મદદ કરી શકે છે

મૅકમિલન (Macmillan) અહીં તમને અને તમારા પરિવારને મદદ કરવા માટે છે. તમે અહીંથી સહાયતા મેળવી શકો છો:

- **મૅકમિલન (Macmillan) સપોર્ટ લાઇન (0808 808 00 00)**. અમારી પાસે દુભાષિયા છે, તેથી તમે તમારી ભાષામાં અમારી સાથે વાત કરી શકો છો. તમે જે ભાષાનો ઉપયોગ કરવા માંગો છો, ફક્ત તે અમને અંગ્રેજીમાં જણાવો. અમે તબીબી પ્રશ્નોના જવાબ આપી શકીએ છીએ, નાણાંકીય સહાય વિશે માહિતી આપી શકીએ છીએ અથવા તમારી લાગણી વિશે વાત કરી શકીએ છીએ. ફોન લાઈન અઠવાડિયાના 7 દિવસ, સવારે 8 વાગ્યા થી રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લી છે.

- **મૅકમિલન (Macmillan) વેબસાઇટ (macmillan.org.uk)**. અમારી સાઇટમાં કૅન્સર અને કૅન્સર સાથે જીવવા વિશે ઘણી માહિતી અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. અન્ય ભાષાઓમાં વધુ માહિતી **macmillan.org.uk/translations પર ઉપલબ્ધ છે**

- **માહિતી અને સહાયક સેવાઓ**. કોઈ માહિતી અને સહાયક સેવા પર, તમે કૅન્સર સહાય નિષ્ણાત સાથે વાત કરી શકો છો અને લેખિત માહિતી મેળવી શકો છો. **macmillan.org.uk/informationcentres** પરથી તમારી નજીકનું કેન્દ્ર શોધો અથવા અમને ફોન કરો. તમારી હોસ્પિટલમાં એક કેન્દ્ર હોઇ શકે છે.

- **સ્થાનીય સહાયતા જૂથ** – સહાયતા જૂથમાં તમે અન્ય કૅન્સરગ્રસ્ત લોકો સાથે વાત કરી શકો છો. **macmillan.org.uk/supportgroups પર તમારી નજીકનું કોઈ જૂથ શોધો** અથવા અમને ફોન કરો.

- **મૅકમિલન (Macmillan) ઓનલાઇન કોમ્યુનિટી** – તમે અન્ય કૅન્સરગ્રસ્ત લોકો સાથે **macmillan.org.uk/community પર ઓનલાઇન પણ વાત કરી શકો છો**

